સંદેશ , ગાંધીનગર આવૃત્તિ , પાના નંબર :- ૦૨

તારીખ :- ૨૨/૦૨/૨૦૨૬

## પ્રધાનમંત્રીને આવકારવા મહાત્મા મંદિરે મેદની ઉમટી







આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાંજે ગાંધીનગર આવી પહોંચ્યા હતા. તેઓ સચિવાલય - મહાત્મામંદિર સુધીના મેટ્રો રૂટનું ઉદ્ઘાટન કરવા આવવાના હોવાથી તેમને નિહાળવા મોટી સંખ્યામાં મેદની ઉમટી પડી હતી. ત્યાં આજુબાજુના વિસ્તારમાં આવેલા મકાનના ધાબાઓ પર પણ લોકો ટોળે વળ્યા હતા. આજથી પાટનગરનો બાકીનો વિસ્તાર પણ મેટ્રો ટ્રેનથી કનેક્ટ થઈ જશે. એટલેકે વર્ષ ૨૦૧૦માં વાયબ્રન્ટ સમિટમાં અમદાવાદ-ગાંધીનગર મેટ્રો પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી અને છેક મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડશે તેવી જાહેરાત કરાઈ હતી. આજે એ સપનું સાકાર થયું છે. મોટેરાથી મહાત્મા મંદિર અંતિમ છેડા સુધી મેટ્રો ટ્રેનની સુવિધાનો લાભ મળતો થતાં લોકોમાં આનંદની સુરખી જોવા મળતી હતી. આજથી સચિવાલયથી મહાત્મા મંદિર વચ્ચે વધુ પાંચ મેટ્રો સ્ટેશનો પણ મેટ્રો ટ્રેન સાથે જોડાણ પામ્યા છે. ઝડપી અને સલામત ટ્રાન્સપોર્ટેશનની આ સુવિધાને ત્યાં ઉપસ્થિત મેદનીએ ચિચીયારીઓથી વધાવી લીધી હતી. લોકોએ જય સોમનાથ, જય શ્રીરામના નારા લગાવ્યા હતા.

પરિવહન સેક્ટરમાં એક મોટું પરિવર્તન

### અમદાવાદ-ગાંધીનગર મેટ્રો પ્રોજેક્ટના ફેઝ-૨ના અંતિમ ભાગનું લોકાર્પણ

# હવે છેક મહાત્મામંદિર સુધી મેટ્રો દોડશે : પીએમએ લીલી ઝંડી આપી

## લોકો માટે મુસાફરી સરળ બનશે । મોટેરાથી મેટ્રો છેક મહાત્મામંદિર સુધી પહોંચી : સચિવાલયથી મહાત્મામંદિર વચ્ચે નવા પાંચ સ્ટેશનોને જોડાણ

। ગાંધીનગર । (સં.ન્યૂ.સ)

આખરે આજે એ દિવસ આવી ગયો કે ગાંધીનગર ખરા અર્થમાં મેટ્રો ટ્રેનની સુવિધાથી જોડાઈ જવા પામ્યો છે. આ એ ગાંધીનગર છે જ્યાં પહેલા માત્ર પોઈન્ટની બસો જોવા મળતી, અને એસટીની શહેરી બસો અલપઝલપ દોડતી હતી. એ ગાંધીનગરમાં ધીરેધીરે કરીને મહાપાલિકા સંચાલિત સિટી બસ સુવિધા આવી અને એ પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અતિ મહત્વકાંક્ષી મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ સાથે પણ ગાંધીનગરને કનેક્ટિવિટી મળવા પામી. આજે મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ-૨ના અંતિમ ભાગનું પ્રધાનમંત્રીએ લોકાર્પણ કરતાં હવે મેટ્રો સીધી સચિવાલય અને મહાત્મા મંદિર સુપી પહોંચતી થઈ છે. પ્રધાનમંત્રીએ લીલીઝંડી આપી અને એ મેટ્રોમાં મહાત્મામંદિર મેટ્રો સ્ટેશનથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના આગેવાનોએ મુસાફરી કરી હતી.

જે ગાંધીનગર સાંજે છ વાગ્યા પછી શાંત ભાસતું હતું એ ગાંધીનગર વિસ્તર્યું છે. તેના સીમાડા હવે અમદાવાદને અડી ચૂક્યા છે. છેક મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન દોડતી થતાં ગાંધીનગર ખરા અર્થમાં ટ્વીન સિટીના બદલે ટ્રાય સિટી બનવાની દિશામાં આગળ વધી ચૂક્યું છે. આજે અમદાવાદથી રોડ માર્ગે જ્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગર આવી પહોંચ્યા ત્યારે તેઓએ કારમાંથી રસ્તા પર ઉભી રહેલી જનમેદનીનું અભિવાદન ઝીલ્યું હતું.

હાલમાં સચિવાલય સુધી મેટ્રો ટ્રેનની સુવિધા કાર્યરત હતી, પરંતુ આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉદ્ઘાટન કરવા સાથે મેટ્રોની સુવિધા છેક મહાત્મા મંદિર સુધી ચાલુ થઈ જવા પામી છે. આજે રવિવારે વડાપ્રધાને મહાત્મામંમદિરથી સચિવાલય સુધીના મેટ્રો ફેઝ-૨ના અંતિમ ચરણનું ઉદ્ઘાટન કર્યું હતું. આ રૂટ શરૂ થવાથી મુસાફરો, સરકારી કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે મુસાફરી એકદમ સરળ થઈ જવા પામશે. અમદાવાદ - ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેનના પ્રોજેક્ટની જે જાહેરાત કરવામાં આવી હતી તે ફેઝ-૧ અને ૨નું કામ પુરું થતાં ગાંધીનગરમાં ટ્રાન્સપોર્ટેશનની એક નવી સુવિધાનો ઉમેરો થયો છે. ગત વર્ષે જ પ્રધાનમંત્રીએ ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે મેટ્રો ટ્રેનની કનેક્ટિવીટીનું સોપાન સર કરાવ્યું હતું. મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનથી સીધા જ ગાંધીનગર રેલવે સ્ટેશન પણ જઈ શકાશે. ગાંધીનગર રેલવે સ્ટેશન સુધી જવા માટે ખાસ કોરિડોર બનાવવામાં આવ્યો છે.

મોટેરાથી પહેલા દસ સ્ટેશનોને જોડતી મેટ્રો ટ્રેન સેવાનું ઉદ્ઘાટન થતાં પહેલીવાર મેટ્રો ટ્રેનને ગાંધીનગરના રહીશોએ દોડતી જોઈને રાહત અનુભવી હતી, આખરે ગાંધીનગરમાં મેટ્રો ટ્રેન દોડતી થવાનું સપનું સાકાર થયું તેવું લોકોએ અનુભવ્યું હતું. ધીરેધીરે છેક સચિવાલય સુધી મેટ્રો ટ્રેનની સુવિધા શરૂ થઈ હતી. હવે આજે ફેઝ-૨ સચિવાલયથી મહાત્મામંદિર સુધીનો મેટ્રો રૂટ, જે ૫.૩૬ કિમી લાંબો છે, એ રૂટ પર બાકીના છ રહી ગયેલા સ્ટેશનોને આવરી લેતી મેટ્રો ટ્રેનને લોકોએ દોડતી જોઈ. મહાત્મા મંદિર, જ્યાં વાયબ્રન્ટ સમિટ યોજાય છે, ઉપરાંત આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના સંમેલનો પણ યોજાતા રહે છે. એ મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન પહોંચવાથી વિદેશી મહેમાનો ઉપરાંત અન્ય મુલાકાતીઓ સહિત અહીં આજુબાજુના વિસ્તારમાં રહેતા નાગરિકો માટે એક સરળ અને ઝડપી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ થવા પામી છે. ગાંધીનગરના પરિવહન સેક્ટરમાં એક મોટું પરિવર્તન થવા પામ્યું છે. મોટેરાથી મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન દોડતી થઈ જવા પામી છે. જેના કારણે અમદાવાદ-ગાંધીનગર વચ્ચે આવન-જાવન વધુ સરળ બનશે. ટ્રાફિક જામની સમસ્યા ટળશે. લોકો નિશ્ચિત સમયમાં મુસાફરી કરી શકશે. લોકોનો કિંમતી સમય અને ઈંધણ બચશે. લોકો પોતાના વાહનોના બદલે મેટ્રોનો વિકલ્પ પસંદ કરતા થશે તો શહેરના જાહેર માર્ગો પર ટ્રાફિકની ગીચતા ઘટશે. પાર્કિંગની ઝંઝટમાંથી પણ રાહત મળશે. આજથી બાકી રહી ગયેલા સચિવાલય, મહાત્મા મંદિર, સે-૧૬, સે-૨૪ જેવા મહત્વના વિસ્તારો પણ સીધા મેટ્રોથી જોડાઈ જવા પામ્યા છે. ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે ઝડપી કનેક્ટીવિટી થતાં વેપાર-ધંધાને નવો વેગ મળશે. અમદાવાદ અને ગાંધીનગરના વિદ્યાર્થીઓ, સરકારી કર્મચારીઓ તથા વેપારી વર્ગ સહિતના લોકો માટે મુસાફરી વધુ સરળ બનશે.